**અમદાવાદનાં મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬,અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.83888/19**
**આંક–**

**<u>–:હુકમ:–</u>**

(૧) ફરીયાદપક્ષનાં કેસની હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ આંક–૧ ની હકીકતે ગુન્હો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા તેને કાયદા મુજબની નકલ આપવામાં આવેલ છે. જ્યારે હાલનાં આરોપીને તેમની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતા તેઓએ ગુન્હાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી, સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. હાલનાં કામમાં આરોપીઓ વિરૂધ્ધ આ જ પ્રકારનાં અગાઉ કોઈ ગુન્હા સબબ પુર્વદોષ સિધ્ધિ નથી અને હાલનાં આરોપીએ સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની ધાક–ધમકી,દાબ–દબાણ વગર કબુલાત કરવાની રજુઆત કરેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

(૨) આમ, હાલનાં કામમાં આરોપી સ્વૈચ્છિક ગુન્હાની કબુલાત કરે છે. આરોપી ગરીબ વર્ગનાં તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત છે/યુવાન વયના/વૃધ્ધ ઉંમરના/સ્ત્રી આરોપી છે અને ફરીવાર આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજુઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છીક કબુલાત કરેલ છે.

(૩) હાલનાં કામે ઉપરોક્ત કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતા આરોપી પાસેથી મળી આવેલ પ્રોહીબીશન મુદ્દામાલ અલ્પ માત્રાનો હોવાનુ પ્રથમ દર્શનિય જણાય આવે છે. જેથી આરોપી સામેનો ગુન્હો નજીવો ગુન્હો (પેટી ઓફેન્સ) છે. આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જી.એલ.આર.૨૦૦૫ નાં સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરનાં ચુકાદાને ધ્યાને લઈ, આરોપીની કબુલાત તથા ગુન્હાનાં સંજોગો ધ્યાને લેતા તથા સુધારાલક્ષી શિક્ષાની વિચારસરણી(Reformative Theory of Punishment) નાં સિધ્ધાંતને ધ્યાને રાખતા આરોપીને ન્યુનતમ કે મહત્તમ સજા નહી કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવુ જણાતુ હોય, આરોપીને હાલનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:આખરી હુકમ :–</u>**

**૧.** આરોપી/આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– 65AA,66B હેઠળનાં શિક્ષાને પાત્ર ગુન્હામાં રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૦૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે/ મુદ્દામાલ વાહન અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ.
તારીખ.૦૯/૦૩/૨૦૨૪

એડીશ્નલ ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬, અમદાવાદ.